આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

સર્વ સમર્પિત કરનારને બધું મળે... માયા-મમતા ત્યાગનારને પ્રભુ મળે
- જૈન કલ્યાણ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગષ્ટ, ૨૦૧૩, મંગળવાર; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શહેરમાં રોગચાળો નાથવા અસરકારક પગલા

કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં બંધ ખાલી આવાસોની બહારની ટાંકીઓ તોડી નાખવા તથા તાત્કાલિક એન્ટી-લાર્વેલની કામગીરી માટે સંબંધિત અધિકારીઓને કડક સૂચના અપાઈ

હર હર મહાદેવ - શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે ભાવિકો ભોળાનાથની ભક્તિમાં લીન બન્યા હતા. વહેલી સવારથી શિવાલયો - શિવભક્તોથી ઉભરાયા હતા. શિવમહિમ્નમ્ સ્તોત્ર, લઘુરૂદ્ર અને શિવધૂનથી શિવાલયો ગાજતા હતા. મોડીસાંજે ગાંધીનગરના પ્રસિદ્ધ શિવાલય 'ઓમકારેશ્વર મહાદેવ' સેક્ટર-૪ ખાતે ભસ્મ આરતીનું આયોજન કરાયું હતું. ભાવિકો શિવમય બનીને આરતીમાં જોડાયા હતા. **(તસવીર : દિપક જાની)**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની વકરતી જતી સ્થિતિને નિયંત્રણમાં લેવા તાત્કાલિક અસરકારક કામગીરી કરવાનો સ્પષ્ટ સંકેત આજે જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે આપી આરોગ્ય વિભાગ અને માર્ગ મકાન વિભાગને સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધવા જણાવ્યું છે.

આજે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે બોલાવવામાં આવેલી સમીક્ષા બેઠકમાં સરકારના બંધ ખાલી આવાસો જે છે તેમાં બહારના ભાગમાં બનાવેલી પાણીની ટાંકીઓ તોડી નાખવા તેમજ આ મકાનોમાં તાત્કાલિક એન્ટી લાર્વેલની કામગીરી કરવા માટેની કડક સૂચના આજે કલેક્ટરે આપી હતી.

કલેક્ટરશ્રીની આ સૂચના બાદ સે. ૩૦ અને સે. ૭માં તો કામગીરી શરૂ કરવા માટેની કાર્યવાહી પણ માર્ગ-મકાન વિભાગ દ્વારા આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આજની આ બેઠકમાં કલેક્ટરશ્રીએ આરોગ્ય વિભાગ અને માર્ગ-મકાન વિભાગને સંયુક્ત રીતે સુયોગ્ય સંકલનમાં રહી આગળ વધવા માટે તાકીદ કરી છે.

આજની આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ અર્બન મેલેરિયાની ટીમોની કામગીરીને વધુ સઘન બનાવવા પર વિશેષ ભાર મુક્યો હતો તેમજ કમિશ્નરશ્રી પાડલિયાને પણ કામગીરીના મોનીટરીંગ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા સૂચવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના ઉત્પત્તિ સ્થાનો માટે સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા માટે પણ ભાર મુક્યો હતો તેમજ સફાઈની કામગીરીમાં કોર્પોરેશન અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે સુયોગ્ય સંકલન થાય તે જોવા જણાવ્યું હતું.

વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ લાઈનોની સફાઈ પણ નિયમિત રીતે થાય તે જોવા જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ. ખાસ કરીને જાહેર સ્થાનો પર જ્યાં વરસાદી પાણી ભરાઈ રહેતા હોય તેવા સ્થાનો પર સ્વચ્છતા જળવાય તે જોવા ખાસ આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

માર્ગ-મકાન વિભાગે આવાસોના ધાબા અને ટાંકીની ચકાસણી આરંભી

રેઈન વોટર લાઈનની સફાઈ અને ખુલ્લી ટાંકીને ઢાંકણ લગાવવા તંત્ર સફાળું જાગ્યું

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા મેલેરિયા-ડેન્ગ્યુના કેસોથી આરોગ્યતંત્ર દોડતું થયું છે. વરસાદી છાંટણ વચ્ચે વાદળિયું અને ભેજવાળું વાતાવરણ યથાવત રહેતા દિનપ્રતિદિન મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જયારે શહેરમાં સ્થિત સરકારી આવાસો પણ મચ્છર ઉત્પત્તિ માટે આર્શીવાદરૂપ બન્યા હોવાનુંચિત્ર ઉપસી આવ્યું છે. રોગચાળાને ડામવા સફાળા જાગેલા તંત્ર દ્વારા આવાસોના ધાબાની સફાઈ તેમજ ખુલ્લી ટાંકીઓમાંથી વરસાદી પાણી ઉલેચવા ટીમ કામે લગાડવામાં આવી છે. આવાસોના ધાબા મચ્છરોની ઉત્પત્તિ માટે ફેવરીટ પ્લેસ હોવાનું ધ્યાને આવ્યું છે.

શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના રોગચાળાએ માથું ઉંચકતા આરોગ્યતંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ જોર પકડતા ડેન્ગ્યુ મેલેરિયા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં કમળાના કેસો પણ નોંધાયા છે. સતત વરસાદના અંતે વાતાવરણમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનું પ્રમાણ વધતા ઠેર ઠેર મચ્છર ઉત્તપ્તિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. મચ્છરો માટે ફેવરેબલ વાતાવરણ હોવાથી રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત છે. રોગચાળાને ડામવા જિલ્લા કલેકટરે મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્રના અધિકારીઓને કડક સૂચના આપી ઝુંબેશ હાથ ધરવા જણાવાયું છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં મચ્છરોના ઉપદ્રવને કાબૂમાં લેવા ગાબડા પુરવામાં આવી રહ્યા છે. જયારે શહેરના સરકારી આવાસોમાં પણ મચ્છરોના પોરા જણાઈ આવતા ધાબા તેમજ રેઈન વોટર લાઈનની સફાઈ હાથ ધરવામાં આવી છે. પાટનગર યોજના ભવનના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ આવાસોના ધાબા તેમજ પાણીની ટાંકી ચકાસવા તંત્રની ટીમ કામે લાગી છે જયારે બંધ સરકારી આવાસોમાં ખુલ્લી ટાંકી માલુમ પડે તો સફાઈ કરી તેને ઢાંકણ લગાવવાનું કામ હાથ ધરાયુ છે. અલબત્ત સરકારી આવાસોમાં વરસાદી પાણીના ભરાવો ન થાય તે માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

સ્વાતંત્ર્ય પર્વ માટે મંત્રીઓના પ્રવચન તૈયાર કરવામાં મંત્રી કાર્યાલયો વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૨

૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય માટે મંત્રી કાર્યાલયો વ્યસ્ત બની ગયા હતા અને મંત્રીના પ્રવચનોને આખરી કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન માટે રાજયમંત્રી મંડળના મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે. મંત્રીઓ તેમને ફાળેવલ જિલ્લામાં જઈને ૧૫મીએ સ્વાતંત્ર્ય પર્વ ધ્વજવંદન કરાવશે.

ધ્વજવંદન કરાવ્યા બાદ પ્રજાજનોને મંત્રીઓ સંબોધન કરશે. આ માટે મંત્રીઓના ભાષણો તૈયાર કરવાની કામગીરીમાં મંત્રીઓના પી.એસ. પી.એ. વ્યસ્ત બન્યા હતા. રાજય સરકાર દ્વારા તેમના શાસન દરમ્યાન વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ પ્રજાકીય કામગીરીઓને મંત્રીઓના પ્રવચનમાં આવરી લેવામાં આવશે.

મંત્રીઓના પ્રવચનો તૈયાર કરીને મુખ્યમંત્રી કાર્યાલયને મોકલી આપવામાં આવશે અને ત્યાંથી પ્રવચનોને આખરી કરવામાં આવ્યા બાદ મંત્રીઓને પ્રવચનની નકલો આપવામાં આવશે.

મંત્રીઓના પ્રવચનોમાં કયા કયા મુદ્દાઓ આખરી લેવા એ અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી જેના પગલે મંત્રી કાર્યાલયો દ્વારા મંત્રીઓના પ્રવચનો તૈયાર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થી નાસાની સ્પર્ધામાં ઝળહળ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર એ હવે એના તેજસ્વી વિદ્યાર્થીઓને કારણે દેશ-વિદેશમાં પંકાવા લાગ્યું છે. આ સમાચારને સમર્થન આપતા દાખલા નિત્ય આપણને જાણવા મળે છે. આવો જ એક વધુ દાખલો જાણવામાં આવ્યો છે : ગાંધીનગરના એક વિદ્યાર્થીએ પોતે બનાવેલી સ્પેશ શટલની ડિઝાઈન માટે નાસા દ્વારા જાહેર કરાયેલી સ્પર્ધા અંતર્ગત સમગ્ર દુનિયામાં બીજું ઈનામ પ્રાપ્ત કર્યું છે !

આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગૌરવવંતો વિદ્યાર્થી છે કેઝર મહેબૂબ ગોરી. નેશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનીસ્ટ્રેશન (નાસા), યુએસએ દ્વારા જાહેર કરાયેલા પ્રોગ્રામ ઍમએવીઈએન (માર્સ ઍટમોસ્ફીઅર ઍન્ડ વૉલેટાઈલ ઈવોલ્યુશન) અંતર્ગત ૧૪થી ૧૯ વર્ષની આયુ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્પેસ શટલની ડિઝાઈન તૈયાર કરવા માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કેઝરે સમગ્ર દુનિયામાં બીજું ઈનામ પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહીં, નાસાએ કેઝર દ્વારા તૈયાર કરવામાં આવેલી આ ડિઝાઈન આઈએસસી અને ડબલ્યુએસસી ચેમ્પિયનશીપ માટે મોકલી તો સમગ્ર વિશ્વમાં તેને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો, જેના કારણે ૨૦૧૩ના હોલ ઓફ ફેમર ક્લાસમાં કેઝરના નામનો સમાવેશ કરવામાં આવ્યો. છેલ્લાં ૨૪ વર્ષો દરમ્યાન નાસા દ્વારા માત્ર ૭ જ વ્યક્તિઓને આ સન્માન આપવામાં આવ્યું છે, જેમાંનો કેઝર એક છે. ઉપરાંત, નાસાના છેલ્લાં ૨૪ વર્ષોના ઈતિહાસમાં આ બંને સ્પર્ધાઓમાં એકસાથે વિજેતાપદ હાંસલ કરનાર કેઝર એકમાત્ર વિદ્યાર્થી છે. આમ આ બાબતમાં તેણે સમગ્ર દુનિયામાં રેકોર્ડ કાયમ કર્યો છે. આ પ્રતિભાશાળી વિદ્યાર્થીની પ્રતિભાથી આકર્ષાઈને નાસાએ ઉનાળા દરમ્યાન કેઝરને ૧૪થી ૧૯ વર્ષના વિદ્યાર્થીઓને હૅન્ડલ કરવા જુનિયર મિશન કંટ્રોલીંગ ચીફ ઍક્ઝીક્યુટીવ ઑફિસર તરીકેનું કાર્ય સંભાળવા માટે આમંત્રણ પણ મોકલ્યું છે.

ગાંધીનગર નજીકના વાવોલ ગામમાં વિજય ઍપાર્ટમેન્ટના રહેવાસી અને શહેરની હિલવૂડ સ્કૂલના ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતા કેઝરની શૈક્ષણિક કારકિર્દી પણ ઘણી ઉજ્જવળ છે. ભણવામાં તે ખૂબ તેજસ્વી. કેઝરના પિતા મહેબૂબભાઈ ગાંધીનગર જીઆઈડીસી વિસ્તારમાં ધનરાજ ઈલેક્ટ્રોનિક્સ નામે પ્રોડકશન યુનિટ ચલાવે છે અને માતા મુમતાઝબેન ગૃહિણી છે.